# ક્રૂડ $100ને પાર પહોંચતા અનેક દેશોમાં કટોકટી

**દક્ષિણ** કોરિયામાં વાહનો પર પ્રતિબંધ, શ્રીલંકામાં 4 દિવસનું કામ અને બ્રિટનમાં ડીઝલ 27% મોંઘું

**ઈજિપ્તમાં** ઉર્જાનો વપરાશ ઘટાડવા માટે દુકાનો, રેસ્ટોરન્ટ્સ અને મોલ્સ રાત્રે 9:00 વાગ્યે બંધ કરવાનો આદેશ

નવી દિલ્હી, તા. 30: મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલા અવરોધને કારણે વૈશ્વિક અર્થતંત્ર હચમચી ગયું છે. ક્રૂડ ઓઈલના ભાવ **$100** ને પાર કરી જતાં એશિયાથી લઈને યુરોપ સુધીના દેશો ઈંધણ બચાવવા માટે આકરા પગલાં ભરી રહ્યા છે.

વૈશ્વિક સ્તરે લેવાયેલા આકરા નિર્ણયો: દક્ષિણ કોરિયા સરકારે જાહેર ક્ષેત્રના વાહનો પર પાંચ દિવસીય રોટેશનલ પ્રતિબંધ લાદ્યો છે. જો તેલના ભાવ 120 ડોલરને પાર કરશે, તો ખાનગી વાહનો માટે પણ એક દિવસ વાહન ન ચલાવવાનો નિયમ ફરજિયાત બનશે.

ઓસ્ટ્રેલિયા: ઈંધણ પરની ટેક્સ ડ્યુટી અડધી કરવામાં આવી છે. કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં પેટ્રોલની અછત સર્જાતા વિક્ટોરિયા અને તાસ્માનિયામાં જાહેર પરિવહન મફત કરી દેવાયું છે.

ઈજિપ્ત: ઉર્જાનો વપરાશ ઘટાડવા માટે દુકાનો, રેસ્ટોરન્ટ્સ અને મોલ્સ રાત્રે 9:00 વાગ્યે બંધ કરવાનો આદેશ અપાયો છે. ઈજિપ્તનું માસિક એનર્જી બિલ 420 મિલિયનથી વધીને 1.25 બિલિયન થઈ ગયું છે.

બ્રિટન: વડા પ્રધાન કીર સ્ટાર્મરે સ્વીકાર્યું છે કે સરકાર આ સંકટનો એકલી સામનો કરી શકે તેમ નથી. બ્રિટનમાં ડીઝલના ભાવમાં 27 ટકાનો તોતિંગ વધારો થયો છે, જેના કારણે નાના વ્યવસાયો પર આર્થિક બોજ વધ્યો છે.

શ્રીલંકામાં ચાર દિવસનો કાર્ય સપ્તાહ જાહેર કરાયું છે, જ્યારે થાઈલેન્ડમાં એર કન્ડીશનીંગનો વપરાશ ઘટાડવા કર્મચારીઓને હળવા કપડાં પહેરવાની સલાહ અપાઈ છે. વિયેતનામ અને ફિલિપાઈન્સમાં બિન-જરૂરી મુસાફરી પર મર્યાદા મુકવામાં આવી છે. ગુજરાતમાં પણ અછતની અફવાઓને કારણે પેટ્રોલ પંપ પર લાંબી કતારો જોવા મળી હતી, જોકે સરકારે પૂરતો જથ્થો હોવાનું કહી શાંતિ જાળવવા અપીલ કરી છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ઓઈલ નિકાસ કેન્દ્રો (ખાર્ગ આઈલેન્ડ) પર સૈન્ય કાર્યવાહીની ધમકી આપતા વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા વધુ ઘેરી બની છે.

## યુદ્ધની અસર: પર્યટનધામ સાયપ્રસ સૂમસામ

**ઇરાની** ડ્રોન હુમલા બાદ ફફડી ગયેલા પર્યટકોએ બુકીંગ રદ કરાવવા માંડ્યા, નિર્જન બન્યા દરિયાકિનારા



લિમાસોલ, તા. 30: મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ફફડી ગયેલા પર્યટકોએ સાયપ્રસની તેમની બુકિંગ રદ કરવાનું શરૂ કર્યું છે, જેના કારણે ટાપુ પર હોટલ બુકિંગમાં 40 ટકાનો ઘટાડો થયો છે. લિમાસોલ અને પ્રોટારાસ જેવા પ્રવાસન સ્થળો, જે સામાન્ય રીતે ઈસ્ટરના વેકેશન દરમિયાન પ્રવાસીઓથી ધમધમતા હોય છે, ત્યાંના ફોટોગ્રાફ્સમાં હવે નિર્જન દરિયાકિનારા અને શેરીઓ જોવા મળી રહી છે. સાયપ્રસનો પ્રવાસન ઉદ્યોગ શિયાળા પછી ફરી શરૂ થઈ રહ્યો હતો ત્યારે જ, 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ 2 માર્ચના રોજ, જ્યારે ઈરાને વળતા પ્રહારો કર્યા, ત્યારે ટાપુ પર આવેલા એક બ્રિટિશ નેવલ બેઝ પર ડ્રોન હુમલો થયો, જેના કારણે પર્યટકો દ્વારા બુકિંગ રદ કરવાની લહેર ફેલાઈ ગઈ. સાયપ્રસમાં ટૂંકા ગાળાના રોકાણ માટેનો દૈનિક કેન્સલેશન રેટ સંઘર્ષ પહેલાના 15 ટકાથી વધીને હુમલા પછીના દિવસોમાં 100 ટકા સુધી પહોંચી ગયો હતો. આ આંકડો હવે ઘટ્યો છે, પરંતુ 21 માર્ચ સુધી તે 45 ટકાની આસપાસ રહ્યો હતો. ગ્રીસ અને તુર્કીમાં પણ કેન્સલેશન રેટમાં થોડો વધારો જોવા મળ્યો હતો.



મૈસૂરના નંજનગૂડ ખાતે પરંપરાગત 'ગૌતમ રથોત્સવ'માં હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા, પરંતુ આ ભવ્ય ઉજવણી દરમિયાન હૃદયરોગના હુમલાને કારણે એક ભક્તનું કરૂણ મોત નિપજતા ઉત્સવમાં ગમગીની છવાઈ ગઈ હતી. નંજનગૂડ દક્ષિણ કાશી તરીકે ઓળખાય છે. ત્યાંના વિખ્યાત શ્રી કંઠેશ્વર સ્વામી (શિવ) મંદિરમાં યોજાતો રથોત્સવ એ દક્ષિણ ભારતનો એક ખૂબ જ મોટો ધાર્મિક ઉત્સવ છે. અહીંના મુખ્ય રથને 'ગૌતમ રથ' કહેવામાં આવે છે. માન્યતા છે કે આ રથની રચના ગૌતમ ઋષિના માર્ગદર્શન હેઠળ થઈ હતી, તેથી જ તેને આ નામ મળ્યું છે. આ રથ લગભગ 90 ફૂટ ઊંચો હોય છે અને તેનું વજન સેંકડો ટન હોય છે. તેને ખેંચવા માટે હજારો ભક્તો ઉમટી પડે છે.

# લશ્કર-એ-તૈયબાનો હેન્ડલર શબ્બીર અહેમદ લોન દિલ્હીથી ઝડપાયો

**લોન** પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના ઈશારે ભારતમાં આતંકી નેટવર્ક ચલાવતો હતો

**લોનનો** મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય યુવાનોની ભરતી કરીને ભારતમાં મોટા હુમલા કરવાનો હતો



નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ): દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ગાઝીપુર વિસ્તારમાંથી લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના શંકાસ્પદ હેન્ડલર શબ્બીર અહેમદ લોનની ધરપકડ કરી છે. કોર્ટે તેને પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, લોન ઉર્ફે 'રાજા' કાશ્મીરના શ્રીનગરનો રહેવાસી છે અને તે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના ઈશારે ભારતમાં આતંકી નેટવર્ક ચલાવતો હતો.

29 માર્ચના રોજ થયેલી આ ધરપકડ દરમિયાન પોલીસને તેની પાસેથી બાંગ્લાદેશી ટાકા, નેપાળી રૂપિયો, પાકિસ્તાની કરન્સી અને ભારતીય રોકડ મળી આવી છે. તેની પાસે નેપાળી સિમ કાર્ડ પણ હતું, જે સરહદ પારના આતંકી આકાઓ સાથેના સંપર્કની પુષ્ટિ કરે છે.

લોન વર્ષ 2007 અને 2015માં પણ આતંકી ગતિવિધિઓ અને હથિયારો સાથે ઝડપાયો હતો. તેણે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)ના મુઝફ્ફરાબાદ કેમ્પમાં 'દૌરા-એ-આમ' અને 'દૌરા-એ-ખાસ' જેવી એડવાન્સ આતંકી તાલીમ લીધી છે.

જેલમાંથી છૂટ્યા બાદ તે બાંગ્લાદેશ ભાગી ગયો હતો અને ત્યાંથી નવા સ્લીપર સેલ તૈયાર કરી રહ્યો હતો.

# એપ્રિલના અંત સુધીમાં ભારતને મળશે ચોથી એસ-400 મિસાઈલ સિસ્ટમ

**ઓપરેશન** સિંદૂર દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોએ આ સિસ્ટમનો વ્યાપક ઉપયોગ કર્યો હતો

નવી દિલ્હી, તા. 30: ભારતીય હવાઈ દળની એક ટીમ રશિયા પહોંચી છે, જે ભારત માટેની ચોથી એસ-400 સિસ્ટમનું નિરીક્ષણ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ એપ્રિલના અંત સુધીમાં ભારત આવી પહોંચશે અને તેને પશ્ચિમ સેક્ટરમાં (રાજસ્થાનમાં) તૈનાત કરવામાં આવશે.

આ સાથે જ ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (ડીએસી)એ વધારાની પાંચ એસ-400 ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદવાની મંજૂરી આપી દીધી છે, જેનાથી ભારત પાસે આવી કુલ 10 સિસ્ટમ થઈ જશે. પાંચમી સિસ્ટમ આ વર્ષે નવેમ્બર સુધીમાં તૈનાત થવાની ધારણા છે.

ભારતે 2018માં રશિયા સાથે પાંચ યુનિટનો સોદો કર્યો હતો. આ મિસાઈલ સિસ્ટમ સશસ્ત્ર અને કામિકાઝ ડ્રોનનો સામનો કરવામાં અત્યંત અસરકારક છે. તેને ટૂંકા અંતરની 'પેન્ટસિર' સિસ્ટમ સાથે જોડીને દ્વિ-સ્તરીય સુરક્ષા કવચ બનાવી શકાય છે, જે સરહદ પારથી આવતા કોઈ પણ હવાઈ પદાર્થને તોડી પાડવા સક્ષમ છે.

# ક્યુબાને રશિયન તેલ પુરવઠા સામે ટ્રમ્પને વાંધો નથી

વોશિંગ્ટન, તા. 30 (એપી): અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે રાત્રે એક મહત્વપૂર્ણ નિવેદનમાં જણાવ્યું હતું કે, ક્યુબાના દરિયાકાંઠે ઊભેલા રશિયન ઓઈલ ટેન્કર દ્વારા ટાપુ રાષ્ટ્રને તેલનો પુરવઠો પૂરો પાડવામાં આવે તેની સામે તેમને કોઈ વાંધો નથી. અમેરિકાના તેલ પ્રતિબંધોને કારણે ક્યુબા અત્યારે ભારે આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. વોશિંગ્ટન પરત ફરતી વખતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે, 'ત્યાં એક ટેન્કર છે. જો કોઈ દેશ અત્યારે ક્યુબામાં તેલ મોકલવા માંગતો હોય, પછી ભલે તે રશિયા હોય, મને તેની સામે કોઈ વાંધો નથી કારણ કે ત્યાંના લોકોને ટકી રહેવા માટે તેની જરૂર છે.' સોમવારે રશિયાના પરિવહન મંત્રાલયે પુષ્ટિ કરી હતી કે રશિયન ટેન્કર 'એનાટોલી કોલોડકિન' અંદાજે 7,30,000 બેરલ તેલ સાથે ક્યુબાના માટાન્ઝાસ બંદરે પહોંચી ગયું છે.

### ૫૦ વર્ષ બાદ ચંદ્ર તરફ માનવ કદમ

# નાસાનું 'આર્ટેમિસ-2' મિશન લોન્ચિંગ માટે સજ્જ

**ફ્લોરિડા** પહોંચ્યા ચાર જાંબાઝ અવકાશયાત્રીઓ; ૧ એપ્રિલની આસપાસ ઐતિહાસિક ઉડાનની તૈયારી



કેપ કેનાવેરલ: અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસા (NASA) તેનું મહત્વકાંક્ષી 'આર્ટેમિસ-2' મિશન લોન્ચ કરવાના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે.

છેલ્લી અડધી સદી (૫૦ વર્ષ) બાદ પ્રથમ વખત મનુષ્યો ફરી એકવાર ચંદ્રની સફરે જશે. આ મિશન માટે પસંદ કરાયેલા ચાર અવકાશયાત્રીઓ ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટર ખાતે પહોંચી ગયા છે, જ્યાંથી તેઓ 'ઓરિયન' યાનમાં સવાર થઈ ચંદ્રની આસપાસ ઉડાન ભરી પૃથ્વી પર પરત ફરશે. આ ૧૦ દિવસીય મિશનનું લોન્ચિંગ ૧ એપ્રિલની આસપાસ નિર્ધારિત છે.

આ મિશન અનેક રીતે ઐતિહાસિક છે. આ સફરમાં સામેલ વિક્ટર ગ્લોવર ચંદ્રની નજીક જનારા પ્રથમ અશ્વેત અવકાશયાત્રી બનશે, જ્યારે ક્રિસ્ટિના કોચ ચંદ્ર સુધી પહોંચનારી પ્રથમ મહિલા બનીને નવો ઈતિહાસ રચશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### જંગ અટકાવો...

મિસાઇલ છોડવામાં આવી હતી, જેને નાટો (NATO) દ્વારા તોડી પાડવામાં આવી છે. તુર્કીના સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે આ મિસાઇલ દેશના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી હતી, જે બાદ પૂર્વી ભૂમધ્ય સમુદ્રમાં તૈનાત નાટો એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તેને રોકવામાં આવી હતી. ઈરાન યુદ્ધની શરૂઆત પછી આ પ્રકારની આ ચોથી ઘટના છે. આ મહિનાની શરૂઆતમાં નાટો સિસ્ટમ દ્વારા અન્ય ત્રણ મિસાઇલોને આંતરવામાં આવી હતી, જેને પગલે અંકારાએ વિરોધ નોંધાવ્યો હતો અને તેહરાનને ચેતવણી આપી હતી.

**ઈરાને અમેરિકાની માંગણીઓને વધારે પડતી, અવાસ્તવિક અને અતાર્કિક ગણાવી નકારી કાઢી**

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સોમવારે સ્વીકાર્યું હતું કે તેહરાનને ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી ૧૫ મુદ્દાઓનો પ્રસ્તાવ મળ્યો છે, પરંતુ તેમણે એમ પણ કહ્યું કે વોશિંગ્ટન સાથે કોઈ સીધી વાતચીત થઈ નથી. તેમણે ઉમેર્યું કે અમેરિકાની માંગણીઓ અત્યંત વધારે, અવાસ્તવિક અને અતાર્કિક હતી.

**ઈરાનનો ઈઝરાયેલ અને ગલ્ફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો**

ઈઝરાયેલના મુખ્ય પરમાણુ સંશોધન કેન્દ્ર નજીક વહેલી સવારે સાયરન વાગ્યા હતા, જે દેશનો એવો ભાગ છે જેને તાજેતરના દિવસોમાં વારંવાર નિશાન બનાવવામાં આવ્યો છે. ઈઝરાયેલની સેનાએ એમ પણ જણાવ્યું હતું કે તેણે યમનથી છોડવામાં આવેલા બે ડ્રોન તોડી પાડ્યા છે, જ્યાં ઈરાન સમર્થિત હુથીઓ શનિવારે તેમના પ્રથમ મિસાઈલ હુમલા સાથે યુદ્ધમાં સામેલ થયા હતા. ઈરાને તેના ગલ્ફ આરબ પડોશીઓ પર દબાણ ચાલુ રાખ્યું: સાઉદી અરેબિયાએ તેના તેલથી સમૃદ્ધ પૂર્વીય પ્રાંતને નિશાન બનાવતી પાંચ મિસાઈલોને અટકાવી હતી; સંયુક્ત આરબ અમીરાત (UAE)ના દુબઈ ઉપર એક મિસાઈલ તોડી પાડવામાં આવતા આગનો ગોળો ફાટી નીકળ્યો હતો; અને કુવૈતમાં, ઈરાની હુમલામાં એક પાવર અને ડિસેલિનેશન પ્લાન્ટ (પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ) પર હુમલો થયો હતો, જેમાં એક કામદારનું મોત થયું હતું અને 10 સૈનિકો ઘાયલ થયા હતા, એમ રાજ્ય સંચાલિત 'કુના' (KUNA) સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો હતો.

**UAE માત્ર યુદ્ધવિરામથી વધુ કંઈક ઈચ્છે છે.**

UAE ના વિદેશ મંત્રાલયના રાજ્ય મંત્રી નૌરા અલ કાબીએ રાજ્ય સાથે જોડાયેલા અંગ્રેજી અખબાર 'ધ નેશનલ'માં પ્રકાશિત એક લેખમાં લખ્યું છે કે: એક ઈરાની શાસન જે ઘરો પર બેલેસ્ટિક મિસાઈલો છોડે છે, વૈશ્વિક વેપારને હથિયાર બનાવે છે અને પ્રોક્સીઓ (ભાડૂતી લડવૈયાઓ)ને ટેકો આપે છે, તે હવે પ્રાદેશિક લેન્ડસ્કેપમાં સ્વીકાર્ય નથી. તેણીએ વધુમાં ઉમેર્યું: અમે એક ગેરંટી ઈચ્છીએ છીએ કે આવું ફરી ક્યારેય નહીં થાય.

### ખાડી દેશોમાં...

છે. બીજી તરફ, કતારની રાજધાની દોહામાં પણ ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને જનજીવન ખોરવાયું હતું. જ્યારે મધ્ય પૂર્વમાં વરસાદી કહેર છે, ત્યારે ઉત્તર આફ્રિકાના દેશોમાં ૬૦ થી ૮૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા વિનાશક પવનોને પગલે હાઈ-એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### દેશ નક્સલવાદથી...

ચૂંટણીમાં નક્સલીઓનું સમર્થન સ્વીકાર્યું હતું અને તેઓ માઓવાદી વિચારધારાથી પ્રભાવિત રહ્યા હતા. છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, મહારાષ્ટ્ર, કેરળ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના અસરગ્રસ્ત વિસ્તારોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, નિષ્ણાતો કહે છે કે સત્તામાં રહેલા લોકોના સમર્થન વિના આ 'રેડ કોરિડોર' બની શક્યો ન હોત.

### વસ્તી ગણતરી...

દીવાલો અને છત માટે વપરાયેલી મુખ્ય સામગ્રી જેવી વિગતો એકત્રિત કરશે. તેઓ ઘરનો વપરાશ અને સ્થિતિની પણ નોંધ લેશે અને ઘરને એક હાઉસહોલ્ડ નંબર ફાળવશે. તેમણે જણાવ્યું હતું કે, ગણતરીકારો ઘરમાં રહેતા સામાન્ય રહેવાસીઓની કુલ સંખ્યા, ઘરના વડાનું નામ અને જાતિ, ઘરની માલિકીની સ્થિતિ, રહેવાના રૂમોની સંખ્યા અને ઘરમાં પરણિત યુગલોની સંખ્યા વિશે પણ પૂછશે. નારાયણે વધુમાં જણાવ્યું હતું કે, ગણતરીકારો સુવિધાઓ અને અસ્કયામતો વિશે પણ માહિતી એકત્ર કરશે, આમાં 33 પ્રશ્નો પૂછવામાં આવશે. સ્થિર સંબંધમાં રહેતા લિવ-ઈન કપલ્સને પણ પરિણીત માનવામાં આવશે.

આવું ત્યારે જ થશે જ્યારે યુગલ સ્વીકારશે કે તેમનો સંબંધ લાંબો ચાલવા પાત્ર છે. પ્રથમ તબક્કા માટે ઓનલાઈન પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે, જ્યાં લોકો જાતે જ પોતાની માહિતી ભરી શકશે. આ પોર્ટલમાં એક FAQ વિભાગ પણ રાખવામાં આવ્યો છે જેમાં વસતી ગણતરી અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો જવાબ સાથે મૂકવામાં આવ્યા છે.

### વ્યક્તિગત માહિતી...

સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. આ માહિતીનો ઉપયોગ કોઈ પણ સરકારી યોજનાનો લાભ લેવા માટે કે કોર્ટમાં પુરાવા તરીકે કરી શકાશે નહીં. સેન્સસ એક્ટની કલમ 15 હેઠળ આ માહિતી સુરક્ષિત છે અને તેને આરટીઆઈ દ્વારા પણ મેળવી શકાશે નહીં.

આ વખતે વસ્તી ગણતરીમાં પ્રથમવાર સ્વ-ગણતરીની સુવિધા આપવામાં આવી છે. નાગરિકો નિર્ધારિત સમય મર્યાદામાં ડિજિટલ માધ્યમથી પોતાની વિગતો જાતે ભરી શકશે. ત્યારબાદ ગણતરીકાર ઘરે આવીને તેની ચકાસણી કરશે. આ સમગ્ર પ્રક્રિયા અંદાજે 30 લાખ ગણતરીકારો અને સુપરવાઈઝરો દ્વારા ડિજિટલ ઉપકરણોની મદદથી હાથ ધરવામાં આવશે.

### રૂપિયો તળિયે:...

કરોડની ભારે વેચવાલી કરી છે.

રૂપિયાના મૂલ્યને ટેકો આપવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકો માટે ઓવરનાઈટ નેટ ઓપન પોઝિશનની મર્યાદા ઘટાડીને 100 મિલિયન ડોલર કરી દીધી છે જેના પગલે દિવસના ટ્રેડીંગમાં ડોલર સામે રૂપિયો સુધરીને 93.57 સુધી ગયો હતો, જોકે બાદમાં તે ડોલર સામે 95.22ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોંચ્યો હતો.

### રૂપિયો સારું...

ડોલર 94.82 રૂપિયા પર બંધ થયો હતો. રૂપિયાના અવમૂલ્યન અંગે લોકસભામાં એક પૂરક પ્રશ્નનો જવાબ આપતા સીતારમણે કહ્યું: ભારતનું અર્થતંત્ર મજબૂત છે, આપણી નાણાકીય સ્થિતિ મજબૂત છે અને સમગ્ર વિશ્વ આપણા નાણાકીય ખાધના સંચાલનની પ્રશંસા કરી રહ્યું છે. આપણો વિદેશી મુદ્રા ભંડાર પણ મજબૂત છે. અન્ય ઉભરતા અર્થતંત્રોની તુલનામાં, રૂપિયો બરાબર પ્રદર્શન કરી રહ્યો છે... બિલકુલ બરાબર છે. એક લેખિત જવાબમાં, સીતારમણે જણાવ્યું હતું કે અવમૂલ્યન માત્ર ભારતીય રૂપિયા પૂરતું મર્યાદિત નથી, કારણ કે પશ્ચિમ એશિયા સંઘર્ષની શરૂઆતથી અન્ય મહત્વના એશિયન ચલણોમાં પણ ઘટાડો થયો છે. તેમણે ઉમેર્યું કે દક્ષિણ કોરિયન વોન, થાઈ બાટ અને ફિલિપાઈન પેસો જેવા કેટલાક અન્ય મોટા ચલણો ડોલર સામે રૂપિયા કરતા વધુ ઘટ્યા છે, જે અનુક્રમે 4.6 ટકા, 5.5 ટકા અને 4.8 ટકાનો ઘટાડો દર્શાવે છે.

### રૂપિયામાં 14...

રૂપિયાના આ તીવ્ર ઘટાડા પાછળ સતત વિદેશી ભંડોળોનો આઉટફ્લો, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને વૈશ્વિક સ્તરે મજબૂત થતો ડોલર જવાબદાર છે. વૈશ્વિક નાણાકીય બજારોમાં અસ્થિરતા અને કડક લિક્વિડિટીની સ્થિતિએ પણ નાણાકીય વર્ષ 2026માં રૂપિયા પર દબાણ વધાર્યું હતું.

બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, અન્ય એશિયન કરન્સીમાં પણ યુએસ ડોલર સામે મોટો ઘટાડો જોવા મળ્યો છે, જેમાં 1 એપ્રિલથી અત્યાર સુધીમાં જાપાનીઝ યેન 6 ટકા, ફિલિપાઈન પેસો 5.74 ટકા અને દક્ષિણ કોરિયન વોન 2.88 ટકા ઘટ્યા છે. ક્ષિણ કોરિયન બેંક 'શિનહાન બેંક'ના ઇન્ડિયા ટ્રેઝરી હેડ સુનલ સોધાનીએ જણાવ્યું હતું કે, FY26 એ બાહ્ય આંચકાઓ, મૂડીનો નિકાલ અને માળખાગત નબળાઈઓનું એક પરફેક્ટ સ્ટોર્મ (ભીષણ સંકટ) હતું. તેમણે ઉમેર્યું કે FY26 અને FY12 માં રૂપિયાના ઘટાડા પાછળના પરિબળો અલગ-અલગ છે

### શેરબજારમાં હાહાકાર:...

રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા સતત થઈ રહેલી વેચવાલીએ બજારનો વિશ્વાસ ડગમગાવી દીધો છે. સોમવારે, 30 શેરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ 1,635.67 પોઈન્ટ્સ અથવા 2.22 ટકા ઘટીને 71,947.55 પર બંધ રહ્યો હતો. છેલ્લા બે દિવસમાં જ સેન્સેક્સમાં કુલ 3,325.9 પોઈન્ટ્સનો ઘટાડો થયો છે. ફેબ્રુઆરી 28થી શરૂ થયેલા પશ્ચિમ એશિયાના સંઘર્ષ બાદ માત્ર આ માર્ચ મહિનામાં જ સેન્સેક્સ 9,339.64 પોઈન્ટ્સ એટલે કે 11.48 ટકા જેટલો ક્રેશ થયો છે. બ્રેન્ટ ક્રૂડનો ભાવ પણ 2.18 ટકા વધીને બેરલ દીઠ 115.1 ડોલર પર પહોંચી ગયો છે.

### ગુજરાત સહિત..

પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, પરંતુ મર્યાદિત સ્ટોકને કારણે લોકોમાં ગભરાટ છે.

આ દબાણને હળવું કરવા માટે સરકારે કામચલાઉ ધોરણે કેરોસીનનો ઉપયોગ કરવાની છૂટ આપી છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા 29 માર્ચના રોજ બહાર પાડવામાં આવેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, આ છૂટછાટ પેટ્રોલિયમ એક્ટ 1934 હેઠળ આપવામાં આવી છે. નવા નિયમ મુજબ, દરેક જિલ્લામાં જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓના વધુમાં વધુ 2 સર્વિસ સ્ટેશનો પર 5,000 લિટર સુધી કેરોસીનનો સંગ્રહ કરી શકાશે. આ માટે એજન્ટો કે ડીલરોએ અલગથી લાયસન્સ લેવાની જરૂર રહેશે નહીં, પરંતુ સુરક્ષાના કડક નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે. આ આદેશ તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે અને 60 દિવસ અથવા અન્ય કોઈ સૂચના ન મળે ત્યાં સુધી માન્ય રહેશે. આ નિર્ણયનો લાભ ગુજરાત ઉપરાંત દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગોવા અને મધ્ય પ્રદેશ જેવા કેરોસીન મુક્ત રાજ્યોને મળશે.

### દિલ્હી ડાયરી...

મોહમ્મદ ખાન સાથે ઘનિષ્ઠ સંબંધો હતા, જેમને તાજેતરમાં અચાનક પદ પરથી હટાવવામાં આવ્યા હતા. તેમની જગ્યાએ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈનની નિમણૂક કરવામાં આવી છે.

સંબંધિત કોંગ્રેસ નેતા પક્ષની ઇચ્છા વિરુદ્ધ ખાન જ્યારે રાજ્યપાલ હતા ત્યારે તેમને નિયમિતપણે મળતા હતા. હવે જ્યારે નવા રાજ્યપાલે ચાર્જ સંભાળ્યો છે ત્યારે રાષ્ટ્રીય રાજધાનીમાં કોંગ્રેસના નેતૃત્વએ બિહારના અનેક નેતાઓને આ વરિષ્ઠ નેતા પર નજીકથી નજર રાખવા માટે કહ્યું છે.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૨૦/૧૨/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. રામા ક્યારૂ ખાલશે, ૨. ભારતી રામા ખાલશે,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૨૨,૩૯,૨૮૮.૨૦/– (અંકે રૂપિયા બાવીસ લાખ ઓગણચાલીસ હજાર બસો અઠયાંશી અને વીસ પૈસા પુરા) તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૨૪મી માર્ચ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂ.૨૨,૩૯,૨૮૮.૨૦/– (અંકે રૂપિયા બાવીસ લાખ ઓગણચાલીસ હજાર બસો અઠયાંશી અને વીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મહાદેવનગર–૨ ના સુડા ના મંજુરી પ્લાન મુજબ પ્લોટ નં. ૪૫૬,(જેનો જુનો અને ખાનગી પ્લોટ નં. ૩૨/૨), માપ ૩૯.૦૧ ચો.મીટર, ભોયતળીયાના બાંધકામ નો બિલ્ટઅપ એરીયાના આશરે ૩૯.૦૧ ચો.મીટર, સહિત બિન ખેતી જમીન સર્વે નં. ૩૫૨/૨, બ્લોક નં. ૫૧૧, ટી.પી.સ્કીમ નં. ૬૨, ફાઈનલ પ્લોટ નં. ૧૪૩/એ, બી, સી પૈકી મોજે ગામ. ડિંડોલી, સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા. ઉધના, જી. સુરત, ગુજરાત– ૩૯૪૨૧૦ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડેનો પ્લોટ નં. ૩૧, **પશ્ચિમ તરફ :** જોડેનો પ્લોટ નં. ૩૩, **ઉત્તર તરફ :** જોડેનો ૧૦'૦' ફુટ ડ્રેનેજ લાઈન, **દક્ષિણ તરફ :** જોડેનો ૨૦ ફુટ સોસાયટી રોડ આવેલ છે.

તારીખ : ૨૪/૦૩/૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૧૫૦૬૦૬૯૨૫ અને ૧૪૩૭૩૯૪૬૧

સહિ/– અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૧૧/૦૬/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. ગૌરીશંકર પાંડે, ૨. માંડવી ગૌરીશંકર,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૭,૬૭,૧૨૮.૩૩/– (અંકે રૂપિયા સાત લાખ સડસઠ હજાર એકસો અઠ્ઠાવીસ અને તેત્રીસ પૈસા પુરા) તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૨૬મી માર્ચ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **પ્રત્યક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂ.૭,૬૭,૧૨૮.૩૩/– (અંકે રૂપિયા સાત લાખ સડસઠ હજાર એકસો અઠ્ઠાવીસ અને તેત્રીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ગ્રીન પાર્ક ભાગ–૨ નો પ્લોટ નં. ૫૪, માપ ૪૦.૧૫ ચો.મીટર, આશરે ૨૧.૬૩ ચો.મીટર ના રોડ અને સી.ઓ.પી ની જમીનના વણવહેંચાયેલ હિસ્સા સહિત રેવન્યુ સર્વે નં. ૪૯૯, જુનો બ્લોક નં. ૨૩, રી–સર્વે નવો બ્લોક નં. ૨૫ અને રેવન્યુ સર્વે નં. ૫૦૦/૧ અને ૫૦૦/૨, જુનો બ્લોક નં. ૨૪, રી–સર્વે નવો બ્લોક નં. ૨૬ અને રેવન્યુ સર્વે નં. ૫૦૧ અને ૫૦૨, જુનો બ્લોક નં. ૨૮, રી–સર્વે નવો બ્લોક નં. ૩૦, મોજે ગામ. હલધરૂ, તા. કામરેજ, જી. સુરત, ગુજરાત– ૩૯૪૩૧૦ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** પ્લોટ નં. ૬૫, **પશ્ચિમ તરફ :** સોસાયટી રોડ, **ઉત્તર તરફ :** પ્લોટ નં. ૫૫, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. ૫૩ આવેલ છે.

તારીખ : ૨૬/૦૩/૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૧૮૧૯૧૩૮૨

સહિ/– અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)



ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**મિલ્કત વેચવાની છે**

**2 BHK ફ્લેટ**
વેચવાનો. પાલનપુર ગૌરવપથ 8866660612

**વેચવાની છે**
ફુલી ફર્નિસ ઓફિસ વેચવાની છે. 1500 Sq.ft. લાલભાઈ કોન્ટ્રાક્ટર કોમ્પ્લેક્ષ પારસી લાયબ્રેરીની સામે નાનપુરા, સુરત. 395001 (M) 9825092156 (916)

**વેચવાનું છે**
પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે M- 9737711103

**અરજન્ટ**
ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્કલેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156 (915)

**લગ્ન વિષયક**

**નવસારી રહેતી**
30 વર્ષની ડોક્ટર યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**વ્યવસાયીક ધંધાકીય**

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ. અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં**
અમેરિકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**જમીન વેચવાની છે**
1. સોલાર લાયક 66 KV નજીક 15.5 વિઘા જુની શરત નહેરની બાજુમાં અને ખેતી માટે ઉત્તમ તક
2. મહુવા, 55 ગુંઠા, કેસર કલમ, રોડ ટચ, જુની શરત
3. મહુવા 3.5 વિઘા ફાર્મ હાઉસ, રોડ ટચ, કેસર કલમ, જુની શરત, બોર, નહેરનું પાણી
9725710000

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**Date- 4/4/2026,**
નર્મદાપરિક્રમા, રૂપિયા-500/- . Mobile: 9913164330

**સાગર 9427113317**
એસી સ્લીપરમાં દ્વારકા, સોમનાથ, દીવમાં નાઈટ, 9- એપ્રિલ/ શનિ-રવિ દમણ ખાનવેલમાં રિસોર્ટ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 26/05, દિવસ- 15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**હિમાલયા હોલીડેઝ**
(1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**નોકરી વિષયક**

**જોઈએ છે**
PG અને એક્ટિવિટી સ્ટુડિયો માટે (લેડિઝ સુપરવાઈઝર) (ઓફિસ ઈન્ચાર્જ) (માર્કેટીંગ હેડ) (એકાઉન્ટન્ટ) (પરચુરણ કામ માટે જેન્ટ્સ) સંપર્ક:- R. Bardiya Initiatives. 264, રાજ વિક્ટોરિયા, પાલગામ સર્કલ, સુરત.

**જોઈએ છે**
પાલ અને અડાજણ, સુરત ખાતે આવેલ મહિલા PGમાં ઘરકામ માટે બહેનો. વિધવા ડિવોર્સી, એકલા રહેતા અથવા કોઈપણ બહેનોને રહેવા અને જમવાની સુવિધા મળશે. 9924073970.

**ટેલીકોલિંગ માટે**
છોકરીઓ અને પરિણિત બહેનો જોઈએ છે ભણતર 10 પાસ; ઉંમર મીનીમમ 18. 8000 પગાર + ઈન્સેન્ટિવ ગૌરવપથ Opp Fire Station Palanpur Road સંપર્ક 9316121872

**બેંકિંગ ક્ષેત્રમાં**
ટેલિકોલિંગ માટે હિન્દી અને ગુજરાતી 20 Female તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 10000થી 20000 સુધી. 08976373893/ 09998435614 (પાર્ટ ટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

**વ્યવસાયીક આરોગ્ય વિષયક**

**મોતીયાનું ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

**સાંઈબાબા કલિનિક**
માથામાં વાળ ઉગાડો, વ્યસનમુક્તિ, વજન વધારો ઘટાડો જોઈન્ટ પેઈન, હાર્ટ, બ્યુટી, શક્તિ લેડીશના પ્રોબ્લેમ ૯૮૨૫૨૬૩૪૨૯

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.